RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 234 Date: 14.06.2024,Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ઝારખંડમાં ગરમીના કારણે ૩નાં મોત : ૧૪ રાજ્યોમાં હીટવેવ એલર્ટ







દેશના દક્ષિણી રાજ્યોમાં સમય પહેલા આવ્યા બાદ ચોમાસું નબળું પડી ગયું છે. જેના કારણે ઉત્તર અને પૂર્વ ભારતમાં ફરી ગરમીની અસર શરૂ થઈ છે. ઝારખંડમાં હીટવેવને કારણે ત્રણ લોકોનાં મોત થયાં છે. જેમાંથી એક મૃતક રામગઢ અને બે જમશેદપુરના હતા.બુધવારે (૧૨ જૂન) ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઝારખંડ, દિલ્હી, પંજાબ અને ઉત્તર રાજસ્થાનમાં ઘણી જગ્યાએ ૪૫થી ૪૭ ડિગ્રીની વચ્ચે તાપમાન નોંધાયું હતું. કાનપુર (યુપી) ૪૭.૫ ડિગ્રી તાપમાન સાથે સૌથી ગરમ હતું. દેશના ૧૪ રાજ્યોમાં આજે પણ હીટવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તેમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશાનો સમાવેશ થાય છે.પૃથ્વી વિજ્ઞાનના પૂર્વ સચિવ માધવન રાજીવને જણાવ્યું હતું કે આગામી ૮-૧૦ દિવસ સુધી ચોમાસું ઝડપથી આગળ વધે તેવી શક્યતા નથી. તેથી જ ઉત્તર ભારતમાં ચોમાસું મોડું થઈ રહ્યું છે. આ પણ હીટવેવનું કારણ છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૬થી ૧૮ જૂન સુધી બિહાર અને ઝારખંડમાં ચોમાસું પહોંચવાની સંભાવના છે. તે ૨૦થી ૩૦ જૂનની વચ્ચે ઉત્તર પ્રદેશ અને ૨૭ જૂનની આસપાસ દિલ્હી પહોંચી શકે છે.ગુજરાતમાં અપેક્ષિત સમયના ૪ દિવસ પહેલા ચોમાસુ પહોંચી ગયું છે. હવામાન વિભાગે કહ્યું છે કે જો સ્થિતિ સારી રહેશે તો ૨૦થી ૨૨ જૂન સુધી હિમાચલ પ્રદેશમાં ચોમાસું પહોંચવાની સંભાવના છે. તે ૧૫ જૂન સુધી મધ્યપ્રદેશમાં એન્ટ્રી લઈ શકશે. હાલમાં મહારાષ્ટ્રમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હિમાચલના હવામાન કેન્દ્રે ૧૨ અને ૧૩ જૂનના રોજ નીચલા અને મધ્યમ ટેકરીઓમાં શુષ્ક હવામાન અને ૧૨થી ૧૪ જૂન સુધી ઊંચા વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરી છે.મહારાષ્ટ્રના ઘણા ભાગોને આવરી લેનાર ચોમાસું મધ્યપ્રદેશની સરહદ નજીક છે, પરંતુ બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં નબળા પડી જવાને કારણે તેની એન્ટ્રીમાં હજુ ૪થી ૫ દિવસનો સમય લાગશે.ૈસ્થ ભોપાલના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. વેદપ્રકાશ સિંહે જણાવ્યું કે, રાજ્યમાં ૧૮ જૂન સુધીમાં ચોમાસું આવી શકે છે. દક્ષિણ દિશામાંથી ચોમાસુ પ્રવેશશે.યુપીમાં ગરમીનો કહેર યથાવત છે. બુધવારે (૧૨ જૂન) રાત્રે ઝાંસી-પ્રયાગરાજમાં તાપમાન ૩૨ ડિગ્રીથી ઉપર પહોંચી ગયું હતું. ઝાંસીમાં રાત્રિનું તાપમાન ૩૨.૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે, જે સામાન્ય કરતાં લગભગ ૪ ડિગ્રી વધુ છે અને પ્રયાગરાજમાં ૩૧.૮ ડિગ્રી સેલ્સિયસ છે. હવામાન વિભાગે રાજ્યમાં ૧૭ જૂન સુધી હીટવેવનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન તાપમાનનો પારો ૪૮ ડિગ્રીને પાર કરી જશે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું- યમુના જળ વહેંચણીનો મુદ્દો જટિલ



દિલ્હીમાં જળ સંકટને લઈને ગુરુવારે (૧૩ જૂન) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હિમાચલ પ્રદેશે કોર્ટને કહ્યું કે, તેની પાસે દિલ્હીને આપવા માટે ૧૩૬ ક્યુસેક પાણી નથી. એક દિવસ પહેલા રાજ્યએ કહ્યું હતું કે, તેની બાજુમાંથી પાણી છોડવામાં આવ્યું છે. હરિયાણામાંથી હજુ પાણી આપવાનું બાકી છે. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેની બેન્ચે કહ્યું કે, યમુનાના પાણીનું રાજ્યો વચ્ચે વિતરણ એક જટિલ અને સંવેદનશીલ મુદ્દો છે. દિલ્હી, હરિયાણા અને હિમાચલ પ્રદેશ વચ્ચે પાણીની વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરવા માટે અમારી પાસે તકનીકી કુશળતા નથી.સુપ્રીમ કોર્ટે દિલ્હીને અપર રિવર યમુના બોર્ડ પર પાણી આપવાનો નિર્ણય છોડી દીધો હતો. કોર્ટે કહ્યું કે, યમુના નદી બોર્ડે પહેલાથી જ દિલ્હીને માનવતાના ધોરણે પાણી પુરવઠા માટે અરજી સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે. જો દિલ્હી સરકારે અરજી ન આપી હોય તો આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં આપી દો. કોર્ટે યમુના નદી બોર્ડને દિલ્હી સરકારની અરજી પર શક્ય તેટલી વહેલી તકે નિર્ણય લેવા માટે શુક્રવારે (૧૪ જૂન) એક બેઠક બોલાવવાનો આદેશ આપ્યો છે. એ પણ કહ્યું કે જો જરૂર હોય તો રોજ મીટીંગો કરો.હકીકતમાં દિલ્હીની છછઁ સરકારે ૩૧ મેના રોજ પાણીની અછતને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં હરિયાણા, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશને એક મહિના માટે દિલ્હીને વધારાનું પાણી છોડવા નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી. હિમાચલ પ્રદેશ વધારાનું પાણી આપવા તૈયાર હતું. ૬ જૂને કોર્ટે હિમાચલને ૧૩૭ ક્યુસેક પાણી છોડવાનો આદેશ આપ્યો હતો. જો કે દિલ્હી સરકારે કહ્યું કે, આ પાણી હજુ સુધી દિલ્હી પહોંચ્યું નથી.

બુધવારે (૧૨ જૂન) સુપ્રીમ કોર્ટે ટેન્કર માફિયાઓ દ્વારા મુનાક કેનાલમાંથી પાણીની ચોરીના મામલામાં દિલ્હી સરકારને સખત ઠપકો આપ્યો હતો. તેમણે કોર્ટમાં ખોટા નિવેદનો આપવા બદલ છછઁ સરકારની પણ ટીકા કરી હતી. કોર્ટે કહ્યું કે, જો તમે ટેન્કર માફિયાઓ સાથે ડીલ ન કરી શકો તો અમે દિલ્હી પોલીસને આ મામલે કાર્યવાહી કરવા કહીશું. કોર્ટે આ મામલે દિલ્હી સરકાર પાસેથી ૧૩ જૂન સુધીમાં જવાબ માંગ્યો હતો.

## અજિત પવારની પત્ની સુનેત્રાનું રાજ્યસભા માટે નામાંકન

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પત્ની સુનેત્રા પવારે ગુરુવારે (૧૩ જૂન) રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી હતી. એનસીપી (અજિત જૂથ)ના સાંસદ પ્રફુલ પટેલના રાજીનામા બાદ આ બેઠક ખાલી પડી હતી. સુનેત્રા પવાર પણ મહારાષ્ટ્રની બારામતી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. તેમની સામે શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે હતી. ચૂંટણીમાં સુનીતા તેની ભાભી સામે લગભગ ૧.૫ લાખ મતોથી હારી ગઈ હતી.મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળે કહ્યું કે, પાર્ટીના કોર ગ્રુપના સભ્યોએ સર્વાનુમતે સુનેત્રા પવારને રાજ્યસભાની સીટ આપવાનો નિર્ણય કર્યો છે. ઘણા લોકો તે સીટ ઈચ્છતા હતા, પરંતુ અમે ચર્ચા કર્યા બાદ નક્કી કર્યું છે કે, સુનેત્રા પવારને રાજ્યસભામાં મોકલવામાં આવે. હું આ નિર્ણયથી બિલકુલ નારાજ નથીઁ. નેતા પ્રફુલ્લ પટેલે ફેબ્રુઆરીમાં ૨૦૨૨ની રાજ્યસભાની ચૂંટણીમાંથી રાજીનામું આપી દીધું હતું. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠમાં લખ્યું છે કે, હું ૨૦૨૨-૨૦૨૮ના કાર્યકાળ માટે રાજ્યસભા સાંસદ તરીકે ચૂંટાયો છું. મેં રાજ્યસભાના મારા ૪ વર્ષના જૂના કાર્યકાળમાંથી રાજીનામું આપ્યું છે, કારણ કે હું નવી મુદત માટે રાજ્યસભામાં ચૂંટાયો છું. નવી મુદત ૨૦૨૪થી ૨૦૩૦ સુધી લાગુ થશે. તેથી હું ૨૦૩૦ સુધી ઓગસ્ટ ગૃહનો સભ્ય રહીશ. આ કારણોસર દ્ગઝ્ર (અજિત જૂથ)ના રાજ્યસભા સાંસદની બેઠક ખાલી પડી હતી. આ બેઠકના કાર્યકાળમાં ચાર વર્ષ બાકી છે. હવે સુનેત્રા પવાર અહીંથી રાજ્યસભામાં જશે.સુનેત્રા પવાર મહારાષ્ટ્રની બારામતી લોકસભા બેઠક પરથી શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડી હતી.

## યોગ દરેક નાગરિકના જીવનનું અભિન્ન અંગ બનેઃ આપણે સાંસ્કૃતિક વારસાના વૈભવના જતન- સંવર્ધન માટે પ્રવૃત્ત થવું પડશે : કલેક્ટરશ્રી



આગામી ૨૧મી જૂને ૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૪ની ગાંધીનગર જિલ્લામાં ભવ્ય ઉજવણી માટે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માર્ગદર્શન આપતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે યોગ દરેક નાગરિકના જીવનનું અભિન્ન અંગ બને તેવો વિશ્વ યોગ દિવસની ઉજવણીનો સાર્વત્રિક ઉદ્દેશ છે. તેમણે જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં જન સુખાકારી માટે યોગમય જીવનશૈલીનું મહત્વ છે, એટલે જ કહેવાયું છે કે, સમત્વં યોગ ઉચ્યતે અર્થાત્ સમત્વ એ જ યોગ છે. જીવનમાં સમત્વ - સંયમથી જ સુખ મળે છે. અને સમત્વ યોગ દ્વારા મેળવી શકાય છે.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ યોગને અમૂલ્ય સાંસ્કૃતિક વારસો ગણાવી ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના કારણે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા યોગને વૈશ્વિક ઓળખ આપવામાં આવી અને ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો. તેમણે જણાવ્યું હતું કે સાંસ્કૃતિક વારસાના વૈભવના જતન-સંવર્ધન માટે પ્રત્યેક નાગરિકે પ્રવૃત્તિ થવું પડશે. વિશ્વ યોગ દિવસ આ દિશામાં યત્કિંચિત પ્રયાસ કરવાનો અનેરો અવસર છે.ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સ્વામીનારાયણ ગુરુકુળ સઈઝ, કલોલ ખાતે યોજાવાનો છે, તે સંદર્ભે બેઠકમાં સમીક્ષા કરાઈ હતી. આ ઉપરાંત જિલ્લાના આઠ આઈકોનિક સ્થળો ત્રિમંદિર, મહાત્મા મંદિર, ડભોડિયા હનુમાનજી મંદિર, અડાલજની વાવ, સાંપની વાવ, કંથારપુર વડ, મહુડી જૈન મંદિર, અને ઈફ્કો- કલોલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે ખાસ આયોજન સંદર્ભે બેઠકમાં વિચાર વિમર્શ કરાયો હતો. વિશ્વ યોગ દિવસ પહેલા તા. ૧૪ મી જુનથી ૨૦મી જૂન સુધી યોગ સપ્તાહની ઉજવણી કરાશે જેના આયોજન સંદર્ભે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીએ જિલ્લાભરમાં વિશ્વ યોગ દિનની ઉજવણીના આયોજન સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. આ જ રીતે મહાનગરપાલિકા કક્ષાએ વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી ભોરણીયાએ માહિતી આપી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર, મુંબઈમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના ૫૭ મા વાર્ષિક પ્રતિષ્ઠોત્સવની પરમ ઉલ્લાસભેર ઉજવણી...



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, મહાલક્ષ્મી - મુંબઈ અનેક મુમુક્ષુઓનાં આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, મુંબઈ શ્રી ઘનશ્યામ મહારાજના ૫૭ મા વાર્ષિક પ્રતિષ્ઠોત્સવનું ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી ઘનશ્યામ મહારાજને ષોડશોપચારથી પૂજન, અર્ચન, આરતી કરી ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો તેમજ શોભાયાત્રા, શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ તથા જીવનપ્રાણ અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણ, ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ - પોકાર, નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડૉ. દીપક ઘોષ, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર મુંબઈ ફાયર બ્રિગેડ, ડૉ. નિરંજનકુમાર ગુપ્ત, એસોસિએટેડ વિથ ઓલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ તથા મહાનુભાવો પધાર્યા હતા.

આ પાવનકારી મૂર્ધન્ય દિને શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે, ભગવાનમાં અનન્ય નિષ્ઠા અને દ્રઢ આશરો રાખી મનુષ્ય જીવનને સાર્થક કરવું જોઈએ તો જ જીવનમાં શાશ્વત શાંતિ, અવિચળ સુખની પ્રાપ્તિ થાય છે. જીવનમાં બેઠા આનંદની પ્રાપ્તિ થાય છે. હતો. આ દિવ્ય અણમોલ અવસરનો લ્હાવો દેશ વિદેશના હરિભક્તોએ પરમ ઉલ્લાસભેર લીધો હતો.

## તંત્રી લેખ......

# મે મહિનામાં રિટેલ ફુગાવાનો દર ઘટીને ૪.૭૫% થયો

મે મહિનામાં રિટેલ ફુગાવો ૪.૭૫% હતો. આ ૧૨ મહિનાની નીચલી સપાટી છે. જુલાઈ ૨૦૨૩માં તે ૪.૪૪% હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસે ૧૨ જૂન, બુધવારે આ આંકડા જાહેર કર્યા હતા.એપ્રિલમાં રિટેલ મોંઘવારી દર ઘટીને ૪.૮૩% પર આવી ગયો હતો. તે પછી તે ૧૧ મહિનામાં સૌથી નીચા સ્તરે હતો. જૂન ૨૦૨૩માં તે ૪.૮૧% હતો. જોકે એપ્રિલ મહિનામાં ખાદ્યપદાર્થો મોંઘા થઈ ગયા હતા.ફુગાવાનો સીધો સંબંધ ખરીદ શક્તિ સાથે છે. ઉદાહરણ તરીકે, જો ફુગાવાનો દર ૬% છે, તો ૧૦૦ રૂપિયાની કમાણી માત્ર ૯૪ રૂપિયાની થશે. તેથી ફુગાવાને ધ્યાનમાં રાખીને જ રોકાણ કરવું જોઈએ. નહીંતર તમારા પૈસાની કિંમત ઘટી જશેફુગાવાનો વધારો અને ઘટાડો ઉત્પાદનની માગ અને પુરવઠા પર આધાર રાખે છે. જો લોકો પાસે વધુ પૈસા હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની માગ વધશે અને જો માગ પ્રમાણે પુરવઠો નહીં મળે તો આ વસ્તુઓની કિંમતમાં વધારો થશે.આ રીતે બજાર ફુગાવા માટે સંવેદનશીલ બને છે. સરળ શબ્દોમાં કહીએ તો, નાણાંનો વધુ પડતો પ્રવાહ અથવા બજારમાં માલની અછત ફુગાવાનું કારણ બને છે. જ્યારે માગ ઓછી અને પુરવઠો વધુ હોય તો ફુગાવો ઓછો થશે.ગ્રાહક તરીકે, તમે અને હું છૂટક બજારમાંથી માલ ખરીદીએ છીએ. આને લગતી કિંમતોમાં ફેરફાર દર્શાવવાનું કામ કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ એટલે કે ઝ્રઁૈં દ્વારા કરવામાં આવે છે. ઝ્રઁૈં એ સામાન અને સેવાઓ માટે અમે જે સરેરાશ કિંમત ચૂકવીએ છીએ તે માપે છે.ક્રૂડ ઓઈલ, કોમોડિટીના ભાવ, ઉત્પાદિત ખર્ચ ઉપરાંત અન્ય ઘણી બાબતો છે જે છૂટક ફુગાવાના દરને નિર્ધારિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

# અલ્પ પ્રસિધ્ધ અલ્પાત્માનો વિરાટાત્માને પત્ર

નરેન્દ્ર.
બાપુના આશીર્વાદ.

તમને પ્રિય તરીકે સંબોધન કરવું કે સંબોધન ન કરવું એ બાબતે અવઢવ અનુભવું છું. વાક્યની શરૂઆતમાં-
નરેન્દ્ર શબ્દ પહેલા ખાલી જગ્યા રાખી છે.તમને ઠીક લાગે તે લખી લેજો.(તમને પ્રિય લખીશ તો કરોડોની આંખોના ભવા ચડી જશે. તમને અપ્રિય લખીશ તો વધુ લોકો નારાજ થશે.)

તમને પોસ્ટકાર્ડનું પતું લખવા ઘણા સમયથી વિચારતો હતો. મારામાં ઠસોઠસ આળસ ભરી છે એવું નથી. પરંતુ, વ્યક્તિગત બાબત માટે પંદર પૈસા બગાડવા કે કેમ તે વિશે મૂંઝાયેલ હતો. તમે મારો પત્ર વાંચશો કે તે પણ સવાલ છે. તમારે ત્યાં હજારોની સંખ્યામાં પત્રો આવતા હોય . એમાં મારા પત્રનો નંબર ક્યાંથી લાગે?

સૌથી પહેલાં મારે તમને ખર્વ-નિખર્વ અભિનંદન આપવા છે. તમે મારા વિશેની પ્રચલિત માન્યતાનું ખંડન કરી ઈતિહાસને નવો આકાર આપ્યો છે.મને ખબર છે કે હું અલ્પ પ્રસિદ્ધ ,.અલ્પાત્મા અને પામર જીવ છું,લોકોએ મહાત્મા કહીને ચણાના ઝાડ પરચડાવો છે. કેમ કે, પ્રસિદ્ધિ મારા માટે સાધ્ય પણ નથી અને સિધ્ધિ પણ નથી!

ઈંગ્લેન્ડના રાજાએ મને હાફનેકેડ ફકીર કહ્યો હતા.તમે પણ તમારી જાતને ફકીર કહેવડાવો છો. જો કે, ઈન્દુનો દોહિત્ર- રાહુલ તમે સુટેડબુટેડ ફકીર છો તેવો આરોપ મુકે છે. એ તો છોકરૂં કહેવાય..એના બોલ્યા સામે બહુ ધ્યાન ન આપવું. ગધ્ધા પંચોતેરમી પૂરી કરશે એટલે ઠરેલ અને ડાહ્યો ડમરો થશે.દુનિયા મારા માટે ભ્રમ રાખે છે અને ફેલાવે છે.આઈન્સટાઈન કોણ છે એની તમને ખબર નહીં હોય. આઈન્સ્ટાઈન આદિવાસી, પછાત ઓબીસી નહીં હોવાથી મત ખેંચવાનાં બહુ ઉપયોગી ન નીવડે. તેથી તમને તમને તમારા સ્ટાફે આઈન્સ્ટાઈન વિશે નોટ આપી નહીં હોય. આઈન્સ્ટાઈન ગાંડા જેવા હતા. આઈન્સ્ટાઈને કહેલ .'આવનારી પેઢીઓ ભાગ્યે જ માનશે કે હાડમાંસનો બનેલો ગાંધી જેવો કોઈ માણસ આપણી વચ્ચે જન્મ્યો હતો.'એ એમની મુગ્ધતા હતી.હું તો તમારો અનુસાયી છું. હું તમારી બા એટલે કસ્તૂરથી પીછો છોડાવવા હું મથ્યો પણ સફળ ન થયો. તમે કશા યત્ન સિવાય એ કરી શકયા છો. આ મુદે નિરાંતે બકરી કે દૂધ પે ચર્ચા કરીશું.

હું વિનમ્રભાવે કબૂલ કરૂં છું કે હું તમારી જેવો પરાક્રમી નથી કે લાલ આંખ કરૂં ગે ચીન હીરાના વેપારીને ફટાફટ છોડી દે. મારામાં રશિયા-યુક્રેનનું યુધ્ધ અટકાવી ત્યાં ભણતા છાત્રોને સહી સલામત ભારત લાવવાનું પણ સામર્થ્ય પણ નથી.. હું તો બહું બહું તો નૌઆખલી જઈને કોમી રમખાણ શાંત કરી શકું .તે પણ ઝેડ કેટેગરીની સિકયુરિટી વિના.

તમને એ ખબર હશે કે વિદેશના લોકો 'મહાત્મા ગાંધી ,ઈન્ડિયા 'એટલું લખે કે મને કાગળ મને મળી જતો. દુનિયા મને ન આળેખતી હોય એ સંભવ છે . પરંતુ, હું કમસે કમ ટપાલી માટે હું અજાણહયો ન હતો. ભારતને ગાંધીનો દેશ કહેવાની પણ અતિશયોક્તિ કરતા હતા. મને ચંદ લોકો સાબરમતી કે સંત તરીકે આળેખતા હતા.

કોઈ રિચાર્ડ એટનબરો નામના વિદેશી ફિલ્મ પ્રોડયુસરે મારા પર ફિલ્મ બનાવી એટલે હું જાણીતો થયો એ તમારી વાત સાચી જ છે.એ પહેલા તો મને સરદાર પટેલ, મોતીલાલ નહેરું કે પંડિત એટલે કે હું તું અને રતનિયો જ જાણતા હતા.કેટલાક નેતાઓ મને મહાન ગણીને મને આદર આપવા પ્રસંશાના પુલ બાંધતા હતા .દુનિયાના લગભગ બધા દેશમાં મારા નામે માર્ગ અને મારા પૂતળા છે,પરંતુ, એ કાંઇ પ્રસિદ્ધિની પારાશીશી થોડી ગણાય? નેલ્શન મંડેલા મારા નામની માળા જપતા હતા. ખરેખર મંડેલા સહિત તમામે તમારા નામની માળા જપવી જોઈએ!

ભાઈ, માની લો કે હું અપ્રસિધ્ધ હતો તો નાથુરામે મારી હત્યા શા માટે કરેલી? નાથુરામના અનુયાયીઓ તો મારી હત્યાને મારો વધ ગણી તેની ઉજવણી કરે છે. એટલે હું મહાપરાધી હતો ખરૂં કે નહીં? લોકો મારા મંદિર બનાવે તે મને લગીરે ગમતું નથી. મારા માટે પ્રભુ રામ આરાધ્ય હતા. તમે રામને પાછા અયોધ્યામાં લાવ્યા તેવું તમારા ભક્તો કહે છે.

તમારા પક્ષના ઉમેદવાર અને રાષ્ટ્રીય પ્રવક્તા ભગવાન જગન્નાથ પણ તમારા ભક્ત છે એમ કહે છે. ભૂલ કરીને પાછા પ્રાયશ્ચિત કરીને ઉપવાસ કરવાની જાહેરાત કરે છે. ઉપવાસ એ આત્માનો ખોરાક છે. જેમાંથી અંતકરણ શુધ્ધ થાય છે. પસ્તાવાના પારસમણિથી પવિત્રાત્મા પવિત્રતા પ્રાપ્ત કરે છે. એ ભાઈને ભલામણ કરજો કે નકોરડા ઉપવાસ કરે . સરકારી સમયવાળા સદભાવના ઉપવાસ ન કરે!ચલણી નોટ પર મારો ફોટો સૌને ખૂંચે છે. તમારું ચાલે તો તમે મારો ફોટો કાઢીને તમારો ફોટો મુકી દો. એમાં કંઈ ખોટું પણ નથી. નોટ પર સતત હસતા રહેવાથી મારા જડબા દુખી ગયા છે. મારો ફોટો ચાલું જ રાખવો પડે તો દેશની દુર્દશા જોઈને રડતો ફોટો રાખવા હું અંગત ભલામણ કરૂં છું. બાકી તમારી મરજી.

તમે સતત પ્રવચન કરો છો. તમને કવિ નરસૈંયો ગમતો નહીં હોય કેમ કે, તે સત્ય બોલવાનું વૈષ્ણવજન ભજનમાં કહેતો. તમને સત્ય પચતું કે જચતું નથી.પરંતું,. એકાદ પળ માટે સત્યનું પાલન કરવાનું પ્રણ લેવું. તમે ખૂબ દોડધામ કરો છો. તમારે ખાન અને ખાસ કરીને પાનમાં ચરી પાળવી.તમારે રાત્રે બકરીના દૂધમાં ખજૂર પલાળીને સવારે ખજૂરનો ઠળિયા કાઢીને ખજૂરનો માવો ચોળીને પી જવો. કબજિયાત ન થાય તે માટે રાત્રે સૂતી વખતે બે ચમચી ત્રિફળાચૂર્ણ પાણી સાથે લેવું. ફોટો ફંકશન માટે રેંટિયો કાંતો છો તો ક્યારેક નિજાનંદ માટે રેંટિયો કાંતવો.

અહીં સરદાર નહેરૂં મજામાં છે. (તમે પંડિત નહેરૂ જેવા પ્રખર દેશભક્તને ગાળો આપો છો .છતાં, ) નહેરૂ તમને આશીર્વાદ પાઠવે છે.સરદારને દેશના પ્રથમ મરણોતર પ્રધાનમંત્રી બનાવવા છેડેલ અભિયાનથી સરદાર તમારાથી નારાજ છે. અટલ બિહારી બાજરાઈ રાજધર્મ નિભાવવા ટકોર કરે છે. શ્યામા પ્રસાદ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય તમને આશીર્વાદ પાઠવે છે!
હવે મારે સવારની પ્રભાતફેરી -પ્રાર્થનામાં જવાનું હોવાથી પત્ર ટુંકાવું છું.આમ, પણ પેન્સિલના ટુકડો ટૂંકો થયો હોવાથી લખવાનું ફાવતું નથી.

લિખિતંગ
તમારા ચુસ્ત ભક્ત
બાપુના આશીર્વાદ .

# નિવૃત્ત શિક્ષક ખેડૂતની મહેનત : પ્રાકૃતિક ખેતી થકી પાંચ વર્ષમાં રૂ. ૨૦થી ૨૫ લાખનો ચોખ્ખો નફો મેળવ્યો

માંડલ તાલુકાના નાના ઉભાડા ગામના રહેવાસી અને નિવૃત્ત શિક્ષક એવા દયાળજીભાઈ બેચરભાઈ પટેલે પાંચ વર્ષે પહેલા પ્રાકૃતિક ખેતીને અપનાવી કુદરતની સેવાનો જે યજ્ઞ આરંભ્યો તે આખરે રંગ લાવી રહ્યો છે.

દયાળજીભાઈ પટેલ પ્રાકૃતિક ખેતી થકી પાંચ વર્ષમાં રૂ. ૨૦થી ૨૫ લાખનો ચોખ્ખો નફો મેળવ્યો છે. આ પ્રાકૃતિક ખેતીને અપનાવી કુદરતની સેવાના યજ્ઞમાં દયાળજીભાઈ બેચરભાઈ પટેલના પુત્ર મહેલુભાઈ પટેલનો પણ સંગાથ એટલો જ રહ્યો છે.



આ પિતા-પુત્રની જોડી છેલ્લાં ૫ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. આ ખેતીએ તેમની માટે આર્થિક સમૃદ્ધિનાં દ્વારા ખોલી આપ્યાં છે. એટલું જ નહી, આજે તેમની આ ખેતી અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણાદાયી સાબિત થઈ રહી છે. આ વર્ષે દોઢ વીધામાં હળદરના વાવેતર થકી ૧૪૦૦ કિલો પાઉડર તૈયાર કરી રૂ. ૫ લાખની ચોખ્ખી કમાણી કરી છે. આમ, પ્રાકૃતિક ખેતી થકી ૯થી ૧૦ વીધા જમીનમાં વાર્ષિક રૂપિયા ૬-૭ લાખનો ચોખ્ખો નફો કમાતા થયા છે.

રાસાયણિક ખેતી ત્યજી પ્રાકૃતિક ખેતી અપનાવનાર દયાળજીભાઈ પટેલ કહે છે, પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. જમીનની ફળદ્રુપતા વધે છે, દેશી ગાયનું જતન સંવર્ધન થાય છે, કૃષિ ખર્ચ ઘટતાં અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધારે મળતા ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત થાય છે. ગામના પૈસા ગામમાં રહે છે, શહેરના પૈસા પણ ગામમાં આવે છે. આમ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યના રક્ષણ માટે હવે 'બેક ટુ નેચર- પ્રાકૃતિક ખેતી તરફ વળવું એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે, જે મેં અપનાવ્યો છે.

જ્યારે પ્રાકૃતિક ખેતી અંગેની પ્રેરણા અને અનુભવો અંગે વાત કરતા મેહુલભાઈએ કહ્યું કે, વર્ષ ૨૦૧૯માં અમદાવાદ જિલ્લામાં સુભાષ પાલેકર દ્વારા આયોજિત પ્રાકૃતિક ખેતીની તાલીમ શિબિરમાં મેં ભાગ લીધો હતો. આ શિબિરમાં આત્મા યોજના અંતર્ગત પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન અને તાલીમ મેળવી હતી. આ તાલીમ બાદ સંકલ્પ લીધો કે હું પ્રાકૃતિક ખેતી જ કરીશ. મારે માત્રને માત્ર પ્રકૃતિની સેવા અને માનવજાતની સેવા કરવી છે. ઓછું મળશે તો ચાલશે પણ પાપ નથી કરવું, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આમ, સુભાષ પાલેકર દ્વારા અમદાવાદ ખાતે તાલીમ લઇ આ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

પ્રાકૃતિક ખેતીની શરૂઆત કેવી રીતે કરી એ અંગેની વાત કરતા દયાળજીભાઈ અને મેહુલભાઈએ કહ્યું કે, પ્રથમ વર્ષે અમે પ્રાકૃતિક ખેતીની શરૂઆત તુવેર થકી કરી હતી. પ્રથમ વર્ષે અમને થોડી સારી એવી આવક થઈ અને ત્યાર બાદ આવક વધતી ગઈ અને આખરે ચોથા અને પાંચમા વર્ષે અમને સારું પરિણામ મળ્યું. આ વર્ષે અમને દોઢ લાખ જેવી આવક જામફળના ઉત્પાદન થકી થઈ છે. પાંચ લાખ જેવી આવક અમને હળદરમાંથી થઈ છે. આ ઉપરાંત વરિયાળી, ચણા, મેથીના ઉત્પાદન થકી અન્ય આવક થઈ હતી. હવે મારી આવક અને ઉત્પાદન જોઈને આસાપાસના ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે અને તેઓ પણ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, રાસાયણિક ખેતીમાં જમીનમાં રહેલાં સૂક્ષ્મ જીવો અળસિયાં અને ઓર્ગેનિક કાર્બન ઓછો થાય છે જેના કારણે જમીન કઠણ થવાથી તેની પાણી શોષવાની ક્ષમતા ઘટી ગઈ છે. ખાતરો અને દવાઓનો ખર્ચ વધવા સાથે ખેતીમાં રોગનું પ્રમાણ પણ વધ્યું છે. પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે ત્યારથી ખર્ચ ઓછો થાય છે. ઉત્પાદન અને નફો વધુ થયો છે. ખેત પેદાશોના ભાવ ઊંચા મળવા લાગ્યા છે અને સૌથી મહત્ત્વનું કે પાણીની જરૂરિયાત ઓછી થવા લાગી છે.

હાલમાં મેહુલભાઈ તેમની ખેતીની જમીનમાં જામફળ, સફરજન, અંજીર, આંબા, નારંગી, સિતાફળ, પપૈયા, લીંબુ તેમજ હળદર, તુવેર, વરિયાળી, ચણા, મેથી બધું એક સાથે કરે છે, જેથી ઉત્પાદન એક પછી એક ચાલું જ રહે અને પાકની સિઝન પૂરી થતા સાથે જ બીજા પાકની સિઝન શરૂ થવાથી આવક પણ ચાલું રહે છે.

હાલમાં તેમની પાસે એક દેશી ગાય છે. ગૌમૂત્ર તેમજ ગોબરમાંથી જીવામૃત, ધન જીવામૃત, બીજામૃત, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, અગ્નિસ્ત્ર તેમજ દસ પર્ણી અર્ક અને ફૂગનાશક દેશી ગાયની છાશનો ઉપયોગ કરે છે. ખેતરમાં રહેલા નિંદામણ કે કચરાને આચ્છાદન તરીકે ઉપયોગ કરે છે, જેથી જમીન પોચી અને જમીનમાં અળસિયાનું પ્રમાણ વધ્યું છે. એટલું જ નહી, જમીનની ભેજ સંગ્રહશક્તિ વધી છે. આમ, પાકૃતિક ખેતી દ્વારા થતી ખેતપેદશોનું મૂલ્યવર્ધન કરી જાતે જ માર્કેટિંગ કરીને વેચાણ કરે છે.

આ ખેતી પદ્ધતિ થોડી માવજત વધુ માંગે છે પરંતુ સામે તેમાં કોઈ ખર્ચ નથી. આમ, જીવનનું આ રક્ષણ પણ આપણને સેવા અને પૂણ્યની અગણિત તક આપે છે. તેથી પ્રાકૃતિક ખેતી ખુશીનો માર્ગ તો ખોલે જ છે, તે 'સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયઃ'આ ભાવનાને પણ સાકાર કરે છે.

# ગઝલ આસ્વાદ

વાત એની એકદમ સાચી હતી, આપણી સમજણ ઘણી કાચી હતી.
મોહ ફળનો હું ય ના ત્યાગી શક્યો! આમ તો મેં પણ ગીતા વાંચી હતી.

આંખ.. દુનિયા જોઈને ભોંઠી પડી! કાલ સપનામાં ઘણું રાચી હતી.

પૂછવા બેઠા અને ભૂલા પડ્યા! એ જ તો નહિતર ગલી સાચી હતી.

એક ધમકી એ ય ઉચ્ચારી ગયાં, આપણે પણ ક્યાં ક્ષમા યાચી હતી?

લ્યો, કબરમાં કેટલું ગોઠી ગયું! છો સુવિધાઓ ઘણી ટાંચી હતી.

: હિમલ પંડ્યા

મૂળ રાજકોટના વતની અને ભાવનગરમાં સ્થાયી થયેલા કવિ શ્રી હિમલ પંડ્યા એમ. ફાર્મ ની ડિગ્રી ધરાવે છે. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના ડીન રહી ચૂક્યા છે. અને એસ એસ ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ રહી ચૂકેલા કવિ હિમલ પંડ્યા એક કવિ હૃદય પણ ધરાવે છે. ભાવનગર સાહિત્યિક
રસિક કવિઓના ગ્રૂપ સાથે મળીને કવિતાકક્ષ પણ ચલાવે છે.
વાત એની એકદમ સાચી હતી, આપણી સમજણ ઘણી કાચી હતી.
આ એમની ગઝલ ફેઈસબુક પર વાંચતાં જ ગમી ગઈ. એકદમ સરળ ભાષામાં લખાયેલી આ ગઝલ એક એક શેર જાણે સ્વીકારની ભાવના બતાવે છે. કોઈપણ દલીલ વગર કહેવું કે વાત એમની સાચી હતી. મારી સમજણ જ કાચી હતી. અહીં સ્વીકારની ભાવના પ્રદર્શિત થાય છે. કોઈ વ્યકિતને સાચી માની લેવી એ માનવ સહજ
સ્વભાવ નથી. પોતાની સમજણ કાચી હતી એ માની લેવું પણ માનવ માટે સહજ નથી.

મોહ ફળનો હું ય ના ત્યાગી શક્યો! આમ તો મેં પણ ગીતા વાંચી હતી.

ગીતામાં કહે છે કે કર્મ કીયે જા ફલ કી ઈચ્છા ના કર. તો ખરેખર માનવ ફળ નો મોહ છોડી શકે છે? હું કોઈ કાર્ય કરું તો એના પરિણામની તો આશા રાખું ને ? અને કોઈ કાર્યનું ફળ ના મળવાનું હોય તો એ કાર્ય કરવું વર્થ છે? કવિ કહે છે કે હું પણ ફળનો મોહ છોડી ના શક્યો ગીતા તો મેં પણ વાંચી હતી. માનવ સ્વભાવ છે કે કાર્ય કર્યા પછી ફળની ઈચ્છા રાખે.

આંખ.. દુનિયા જોઈને ભોંઠી પડી! કાલ સપનામાં ઘણું રાચી હતી.

આંખનું કામ જોવાનું અને સપનામાં રાચવાનું છે. પણ એ જ આંખ જે સપનાં જોવે છે એ દુનિયાને જોઈને ભોંઠી પડી. આંખને સપનાં વધારે ગમે છે હકીકત જોઈને ભોંઠી પડે છે. દુનિયા એવી નથી જેવી આપણે જોવા માંગીયે છીએ, પણ દુનિયાની હકીકત ઘણી કડવી હોય છે. એટલે સપનામાં રહીને રાચવાનું
સહેલું છે પણ આંખ ખૂલે ત્યારે અંધકાર હોય છે.

પૂછવા બેઠા અને ભૂલા પડ્યા! એ જ તો નહિતર ગલી સાચી હતી.

સાચાં રસ્તા પર ચાલતાં હોઈએ અને પૂછવા બેસીએ એટલે રસ્તેથી ભટકી જઈએ. પૂછવા બેઠા એટલે ભૂલા પડ્યા, નહીંતર ગલી સાચી હતી. ઘણીવાર આપણને આંગળી ચિંધનાર આપણને ગલત રસ્તા પાર ચઢાવી દે છે. પૂછી પૂછીને ચાલવું જોઈએ પણ કોને પૂછીએ છીએ એનાથી પણ સભાન રહેવું પડે છે. કે જે માર્ગે
આપણને દોરે છે એ બરાબર છે કે નહિ! બની શકે કે આપણે સાચા માર્ગે હોઈએ અને પૂછીએ એટલે ભૂલા પડીએ!

એક ધમકી એ ય ઉચ્ચારી ગયાં, આપણે પણ ક્યાં ક્ષમા યાચી હતી?

કોઈની ધમકી થી ડરે એવા કવિ નથી એમની ધમકીથી ડરીને ક્ષમા યાચી નથી. કોઈ ધમકી આપી જાય એનો અર્થ એ નથી કે ક્ષમા માંગી લેવી! માફ કરી એવું એ મોટી વાત છે. ક્ષમા વિરસ્ય ભુષ્ણમ ! પણ વાત જો માફીને લાયક હોય તો! ખાલી ખાલી ધમકીઓ માટે ક્ષમા ના હોય!

લ્યો, કબરમાં કેટલું ગોઠી ગયું! છો સુવિધાઓ ઘણી ટાંચી હતી.

મકતામાં કવિ કબર ની વાત કરે છે કે કબરમાં સુવિધાઓ નથી પણ કબરમાં ગમી ગયું છે. ઘણીવાર જિંદગી કરતા મોત વહાલું લાગે છે. દુનિયા જેવી કબરમાં સુવિધા નથી પણ શાંતિ મળતી હોય તો કબર પણ વહાલી લાગે છે. ખૂબ સરળ શબ્દોથી લખાયેલી સરળ ગઝલ. સલામ હિમલભાઈ !!

સપના વિજાપુરા

# અરવલ્લી : ભિલોડા તાલુકા પંચાયતના આઉટસોર્સિંગ કર્મીને ૪૦૦ રૂપિયાની લાંચ લેતા ગાંધીનગર ACBએ દબોચ્યો




અરવલ્લી જીલ્લાની તાલુકા પંચયાત કચેરી અને મામલતદાર કચેરીમાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાની ચર્ચા,તાલુકા પંચયાત અને મામલતદાર કચેરીમાં આવક,જાતિ સહિત અન્ય દાખલા કાઢી આપવામાં કેટલાક ભ્રષ્ટ કર્મીઓ મન મરજી મુજબ અરજદારો પાસેથી રૂપિયા ખંખેરી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં સરકારી કચેરીઓમાં ખુલ્લેઆમ ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ખુલ્લેઆમ અરજદારો અને પ્રજાજનો સરકારી કામકાજ માટે ખંખેરી રહ્યા છે લાંચ ન આપનાર અરજદારનું કામકાજ ટલ્લે ચઢાવી લાંચ આપવા મજબુર બનાવતા હોવાનું જગજાહેર છે સરકારી કચેરીઓમાં આઉટ સોર્સિંગ તરીકે ફરજ બજાવતા મોટા ભાગના કર્મચારીઓ ભ્રષ્ટાચાર આદરી રહ્યા છે ભિલોડા તાલુકા પંચયાતમાં આઉટ સોર્સિંગ તરીકે ફરજ બજાવતો કર્મચારી ઈઉજી સર્ટિફિકેટ કાઢી આપવા માટે જાગૃત નાગરિક પાસે ૪૦૦ રૂપિયાની લાંચ માંગતા માંગતા ચોંકી ઊઠ્યો હતો ભ્રષ્ટ કર્મીને પાઠ ભણાવવા એસીબીનો સંપર્ક કરતા ગાંધીનગર એસીબીએ છટકું ગોઠવી લાંચિયા કર્મીને દબોચી લેતા ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં સન્નાટો વાપ્યો હતો એસીબીની સફળ ટ્રેપથી લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓ ફફડી ઉઠ્યા હતા પ્રાપ્ત માહિતી અનુસાર,ભિલોડા પંથકના એક જાગૃત નાગરિકને ઈઉજી સર્ટિફિકેટની જરૂરિયાત ઉભી થતાં ભિલોડા તાલુકા પંચયાત કચેરીમાં પહોંચી ઈઉજી સર્ટિફિકેટ માટે તજવીજ હાથધરતા આઉટ સોર્સિંગ કર્મી તરીકે છેલ્લા અઢી વર્ષથી ફરજ બજાવતા ટાકાટુંકા ગામના કૌશિક ભરતભાઈ ચૌધરી નામના કર્મી એ અરજદારને ઈઉજી સર્ટિફિકેટ કાઢી આપવા ધરમધક્કા ખવડાવી ત્વરિત ઈઉજી સર્ટિફિકેટ જોઈતું હોય તો ૪૦૦ રૂપિયાની માંગ કરતા જાગૃત નાગરિક ચોંકી ઉઠયો હતો

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215**
વિષય : 'વહેતો સમય'
શીર્ષક : " સમય વહેતો રહે છે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૯૫.
નામ : શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત

" સમય વહેતો રહે છે "

સમય વહેતો રહે છે,એ રુકશે નહીં,
જે સમયે જે થવાનું છે, ચુકશે નહીં.

સમય કોઈને કદી પણ નથી છોડતો,
સમય હર હંમેશ માટે રહે છે દોડતો,

કાળનું ચક્ર ફરતું રહે છે, મુકશે નહીં,
સમય વહેતો રહે છે એ રુકશે નહીં.

સમય પારખીને, જે ચાલતા રહે છે,
સમય સદા, એને સાથ દેતો રહે છે,

સમય રહેતા સમજે, એ ઝુકશે નહીં,
સમય વહેતો રહે છે, એ રુકશે નહીં.

તાલ મિલાવે સમયથી તે કદી ન હારે,
વ્હેણ સાથે વહે, તે જ પહોંચે કિનારે,

સમય છે જેનો 'શ્યામ' તે ડુકશે નહીં,
સમય વહેતો રહે છે, એ રુકશે નહીં.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 163**
વિષય : વહેતો સમય
શીર્ષક : ચાલ સમયની સાથે
પ્રકાર : પદ્ય શબ્દો : ૯૦
લેખક: શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી 'મૌની' વડોદરા

★ચાલ સમયની સાથે..★

રોકાય ના સમય કદી,
રોકાયો ના એ કોઈથી..
સમયની એ માંગ મનવા,
ચાલ સમયની સાથે..

વારાફરતી આવે સુખ-દુઃખ
હરખ-શોક ચાલે સાથે..
જીવન એક સંઘર્ષ,
ચાલ સમયની સાથે..

જન્મ મૃત્યુ વચ્ચેનું અંતર,
સમય એટલો જ આપણો..
સર સર સર વહેતો સમય,
ચાલ સમયની સાથે..

લોકેષણામાં ના રાચજે,
ક્રોધ અહંને ત્યાગજે..
કર્તવ્ય પથ પર આગળ વધજે,
ચાલ સમયની સાથે..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની' વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: N O G S S:168**
વિષયઃ વહેતો સમય
શીર્ષકઃ સમયનું સન્માન કરીએ
પ્રકાર:પદ્ય /શબ્દ:૧૫૨

સમયનું સન્માન કરીએ

જે નમે તે સૌને ગમે સમયનું કહેવું છે
આવો સમય સમયને ઓળખતા શીખીએ
......... તો સમય ક્યારે દગો નહીં દે
સમય તો છે સૌનો ગુરુ નમન કરીએ.

સમય આવે છે જીવનમાં પાઠ ભણાવવા
..........વિદ્યાર્થી થઈ તે પાઠ સૌ ભણીએ
નમી ગયા તે જીતી ગયા નહીં તો હાર છે
સમયનું ચક્ર બળવાન હોય.....
સાથે રહી બળવાન બનીએ,

નહીં સુધરો તો મારી સુધારી નાખશે
સમય મા બાપ છે તે સમજી જાણીએ
કરશો સન્માન સમયનું તો
........સમય તમને સન્માનિત કરશે,
આવો છોડીએ રાગ દ્વેષ આશક્તિઓનું
.............સમય જોઈ નમી જઈએ,

તો કદી ન હાર થાશે જીવનમાં
............સમય તમને કહી રહ્યો,
સમયને મિત્ર સમજી
........ ગુરૂ ટીચર સમજી કદર કરીએ,
સમયનું સન્માન કરી સન્માનિત થઈએ

સમય વહેતો દરિયો છે ભાવસાગર પાર કરીએ,
સમયનો અનુભવ હું મારા વાચકોને કહી રહ્યો છું
જાણી જાઓ તો ભાગ્ય ખીલ્યું,
...... નહીં તો સમય ભવ સાગર એક દરિયો છે
આવો સમયનો ઉત્સવ આનંદમાં પરિવર્તનની કરી
.................. મહોત્સવોમાં ઉજવીએ.

લેખક ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' ઉદયપુર રાજસ્થાન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'વહેતો સમય'
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ''સમયને સથવારે''(શબ્દો ૨૮૦)

આમ તો રોજ હું સમયની સાથે જ હોઉં છું,
સમય સરકી જાય તો પણ, હું અહીંજ હોઉં છું.

આ સમય શું છે ? શ્વાસોની ગૂંથણી કે ક્ષણોની ?
હું લીંટની જેમ વહેતી ક્ષણોને, લૂછતો હોઉં છું.

બંધિયાર રહેવું નથી ગમતું, સમયના વહેણને,
ને, હું સામા પૂરે તરાપો લઈને, તણાતો હોઉં છું.

વિજ્ઞાનની સફળતામાં, કેટલો અધૂરો માનવી !
ને, હું આંખો બંધ કરી, 'હું'નો પ્રશ્ન શોધતો હોઉં છું.

હું સરકુ છું કે આ સમય ? એ પણ એક પ્રશ્ન છે,
સમય સનાતન છે, તો હું પણ સનાતન હોઉં છું.

માનવ છું એટલે જ મેહેચ્છાઓમાં પાંગરવું છે,
ગયેલા દર્દને ભેંસની જેમ, હું વાગોળતો હોઉં છું.

અપૂર્ણ જીજીવિષા, ને ગણતરી કરનારો સમય છે,
ને, હું ઘડિયાળના લોલકની જેમ ઢસાડતો હોઉં છું.

હવેતો તું આ સમયની ક્ષણોને સમજીજા 'સ્વજન',
ધ્યાનસ્થ બની જગતને અલવિદા કહેતો હોઉં છું.
(કવિશ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જૂનગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO- 334**
વિષય - સમય
શીર્ષક - સમયને સથવારે
પ્રકાર - પદ્ય
શબ્દો - ૧૨૫

સમયને સથવારે ચાલજે ઓ મનવા,
સમયને આધારે ચાલજે ઓ મનવા.

સમયની ધારા પકડી ચાલજે તું મનવા,
સમયની નાડ પારખી ચાલજે તું મનવા.

સમયનો સાથી બની ચાલજે તું મનવા,
સમયનો સાધક બની ચાલજે તું મનવા.

સમયની એબ જાળવી ચાલજે તું મનવા,
સમયની શાન જાળવી ચાલજે તું મનવા.

સમયનો તકાજો જાળવી ચાલજે તું મનવા,
સમયનો મલાજો જાળવી ચાલજે તું મનવા.

સારા સમયમાં ધીરજ રાખજે તું મનવા,
ખરાબ સમયમાં શાંત રહેજે તું મનવા.

પુરુષાર્થના જોરે જીવન પસારજે તું મનવા
હૈયામાં હામ રાખી હસતાં જીવજે તું મનવા.

પડકારો ઝીલી સામનો કરજે તું ઓ મનવા,
નિજ આત્મબળે નૈયા પાર કરજે તું મનવા,

સમયનો સારથી બની લગામ દેજે તું મનવા,
સમયને સમજી વિચારી પસાર કરજે તું મનવા.

સમયના વહેણને તું પારખી લેજે ઓ મનવા,
સંસાર સાગર સિફતથી તરી જાજે તું મનવા.

★મહેશ રાઠોડ "સ્નેહદીપ" પિલુદ્રા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**
વિષય:"વહેતો સમય" શીર્ષક:"બહુરંગી સમય".
પ્રકારઃ ગદ્ય શબ્દો:૧૪૯
સમય ને જમાના પ્રમાણે વહેતો મેં જોયો છે,
સમય ને કાંઈક ખોટું થાય તો કહેતો મેં જોયો છે,
સમય નો સુખ માં સોનેરી રંગ પણ મેં જોયો છે,
સમય નો દુઃખ માં કદરુપો રંગ પણ મેં જોયો છે,
સમય બદલાય જો તારો'તો તારાં કુટુંબ ને સહેતો પણ મેં જોયો છે,
સમય નો સોનેરી સૂરજ ઊગે તો સુખને તારી સાથે રહેતો પણ મેં જોયો છે,
સુખ-સંપત્તિ હોય તો સમાજ ને તારી આજુબાજુ ટોળે વળતો પણ મેં જોયો છે,
અને જો રુઠી હોય તો લોકો તારી સાથે બેસે તે માટે તને ટળવળતો પણ મેં જોયો છે.
સમય સમય ની વાત છે બધી આ'તો દોસ્તો, સમય આપણો સારો હોય તો સમાજને આપણાં ત્યાં આવી ને વાજાં વગાડતાં પણ મેં જોયો છે,અને જો ખરાબ હોય તો તને એમનાં ત્યાં જઈ ને વાજાં વગાડતાં પણ મેં જોયો છે.
જિતેન્દ્ર શાહ(અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO : 219***
★વિષયઃ સમય વહેતો રહે...★
★પ્રકાર : ગદ્ય★
★શબ્દો સંખ્યાઃ ૧૩૬★
★શીર્ષકઃ સમય એક મિત્ર★

સમય એ એક અવિરત પ્રવાહ છે, જે ક્યારેય થંભતો નથી. આપણે તેને જોઈ શકતા નથી, પરંતુ તેની અસર આપણા જીવનમાં સતત અનુભવી શકીએ છીએ. સમય એટલે ક્ષણોની સંગ્રહણી, જે આપણને અનુભવો, શીખવાની તકો અને યાદો આપે છે.

સમયનો પ્રવાહ એટલે જીવનનો પ્રવાહ. જેમ નદી પોતાની દિશામાં વહે છે, તેમ સમય પણ આપણને ભૂતકાળથી વર્તમાન તરફ અને પછી ભવિષ્ય તરફ લઈ જાય છે. આપણે તેને રોકી શકતા નથી, પરંતુ આપણે તેને સાચવી અને સદુપયોગ કરી શકીએ છીએ.

સમયની કિંમત એ તેની અનિશ્ચિતતામાં છુપાયેલી છે. આપણે ક્યારેય ખાતરી નથી કરી શકતા કે આવતી ક્ષણે શું થશે. આ અજ્ઞાતની સાથે જીવવું એ જ જીવનની સુંદરતા છે. દરેક પળ આપણને નવી શક્યતાઓ અને ચેલેન્જીસ આપે છે.

સમય એક શિક્ષક પણ છે. તે આપણને ધૈર્ય, સહનશીલતા અને સંઘર્ષનું મહત્વ શીખવે છે. સમય સાથે આપણે અનુભવોને સમજી શકીએ છીએ અને જીવનની ગહનતાને પામી શકીએ છીએ.

। અંતે, સમય એક મિત્ર પણ છે. તે આપણને સાચા મિત્રો અને સંબંધોની કિંમત સમજાવે છે. સમય સાથે, આપણે જીવનની સાચી ખુશીઓ અને સંતોષને અનુભવી શકીએ છીએ.

સમયનો સદુપયોગ કરીને, આપણે જીવનને સાર્થક બનાવી શકીએ છીએ. તેથી, દરેક ક્ષણને મહત્વપૂર્ણ બનાવો અને સમયને આપણા જીવનનો અમૂલ્ય ભાગ બનાવો.
નયના સોલંકી.સુરત

# રાજકોટની ટીઆરપી ગેમ ઝોન ઘટનામાં મૃત્યુ પામેલ મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય અને કાર્યકારી પ્રદેશ પ્રમુખશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ અગ્નિકાંડને ૧૪ દિવસ કરતા વધુ સમય થયો, હું ૧૪ દિવસ રાજકોટ જ હતો ત્યાં પીડીતોના પરિવારની વેદના સાંભળી, પ્રાર્થના સભામાં ભાગ લીધો, શ્રધ્ધાંજલીના કાર્યક્રમો આપ્યાં, પીડીતો માટે મૌન પાળ્યું, પત્રિકા વિતરણ કરી, લોકસંપર્ક કર્યો, અનેક મીડીયા મિત્રો -પત્રકાર મિત્રો સાથે અગ્નિકાંડ વિશે વાત કરી, અગ્રણી નાગરિકો અને બુધ્ધિજીવીઓને મળ્યા, સમગ્ર રાજકોટનું એકસુરે આજની તારીખે એવુ માનવું છે કે, અગ્નિકાંડમાં પણ તક્ષશીલાકાંડ અને મોરબી કાંડની માફક ન્યાય મળવાનો નથી. આખુ રાજકોટ એકસુરે આ વાત કહી રહ્યું છે. રાજકોટના રહેવાસીઓ અને પીડીત પરિવારજનો એવુ એટલા માટે માની રહ્યાં છે કે અગાઉ તક્ષશીલા કાંડ, શ્રેય હોસ્પિટલ કાંડ, રાજકોટમાં કોરોના દરમ્યાન સ્વર્ણ હોસ્પિટલમાં લાગેલ આગમાં આઠ લોકોના મૃત્યુ પામ્યાની ઘટના અને વડોદરાની અગ્નિકાંડની ઘટના આવી એકપણ ઘટનામાં રાજ્યની સરકારે અને પોલીસે કસુરવાર મોટા અધિકારીઓ અને ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ નેતાઓની ક્યારેય ધરપકડ કરી નથી અને એના કારણે આજે રાજકોટ શહેરમાં પીડીત પરિવારોમાં એવી લાગણી પ્રવર્તે છે આ કિસ્સામાં એમને કોઈપણ સંજોગોમાં ન્યાય મળવાનો નથી.ગઈકાલે સરકારના એક મંત્રીએ અને એસ.આઈ.ટી.ના વડા સુભાષ ત્રિવેદીએ પણ કહ્યું કે, આ અંગે તપાસ ચાલી રહી છે. ઘટના બન્યાને થોડાક દિવસોમાં એક મહિનો થવા આવશે એમ છતાં આ તપાસમાં એવુ તો શું કરી રહી છે એનાથી સમગ્ર ગુજરાતની જનતા એકપ્રકારે અજાણ છે. અમે ઘટના સ્થળની મુલાકાત લીધી. ત્યારે તમામ લોકોનું એકસુરે કહેવુ હતુ કે સાડા ચાર - પાંચ વાગે ઘટના બની એના ગણતરીના કલાકોમાં હજી




એસ.આઈ.ટી.નું ઘટન થયું નથી, હજી ઈન્વેસ્ટીગેશનની નિમણુંક થઈ નથી અને એફ.એસ.એલ. ના મિત્રોએ એકપણ પુરાવો કલેક્ટ કર્યો નથી એની પહેલા આખો ક્રાઈમસીન ટોટલ ડીસ્મેન્ટલ કરી નાખ્યો, ડિસ્ટર્બ કરી નાખ્યો, એલ.એલ.બી.ના પહેલા વર્ષમાં ભણનારા વિદ્યાર્થી અને લોકરક્ષક દળને પણ ખબર પડે છે કે આવી ગંભીર ઘટનામાં કે કોઈપણ ગુનાહિત કૃત્યમાં પુરાવાઓ એકત્રીત કર્યા ના હોય ત્યાં સુધી આવા ક્રાઈમસીનને ડિસ્ટર્બ કરી શકાતો નથી. તો આ બાબતે પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે,

(૧) કોની સુચનાથી અને કયા આશયથી રાજકોટ મ્યુનિ. કમિશ્નર અને પોલીસ કમિશ્નરશ્રી દ્વારા આ ક્રાઈમસીનને ડિસ્ટર્બ કરવામાં આવ્યો ?

(૨) પેટ્રોલીયમ એક્ટ હેઠળ ત્રીસ લીટરથી વધારે પેટ્રોલ રાખી શકાતો નથી ત્યાં ભયંકર મોટી સંખ્યામાં પેટ્રોલનો જથ્થો બરામદ થયો એ બાબતમાં હજી સુધી એફ.આઈ.આર.માં કલમ વધારાનો રીપોર્ટ કરીને પેટ્રોલીયમની કોઈ જ કલમનો ઉમેરો કરવામાં આવેલ નથી.

(૩) રાજકોટ વાસીઓના મુખે એવી ચર્ચા છે કે અત્યારે જે ઓફિસરો ઘટનાની તપાસ કરી રહ્યાં છે એ ઓફિસર પૈકીના બે માણસો બરાબર ઘટનાના ચોવીસ કલાક પહેલા એક જુગારની મેટરમાં તોડ કરી રહ્યાં હતાં.

(૪) જે લોકો દારૂ અને જુગારમાંથી કમાણી કરી છે એવા અધિકારીઓને તપાસ ટીમમાં લેવામાં આવ્યાં છે.

(૫) એસ.આઈ.ટી. મોરબીકાંડમાં પણ બની હતી અને મોરબીકાંડની મેટર લડી રહેલા એડવોકેટ મિત્ર સાથે વાત થઈ એમણે કહ્યું કે મોરબીકાંડમાં દાખલ થયેલ ચાર્જસીટમાં એસ.આઈ.ટી.ના રીપોર્ટને મુકવામાં આવેલ નથી. મતલબ કે આ એસ.આઈ.ટી.ના રીપોર્ટનું તક્ષશીલાકાંડ, મોરબીકાંડ કે અગ્નિકાંડ જેવી ઘટનામાં આપણે પાણીપુરી ખાતા હોઈએ અને એ વખતે હાથમાં કાગળ પકડાવે એનાથી વિશેષ કઈ રહેતુ નથી.
આ એસ.આઈ.ટી. ના વડા સુભાષ ત્રિવેદી છે. અગાઉ સુરતની એક મોકડ્રીલના પ્રકરણમાં પોલીસ ઈન્સ્પેક્ટરના પેટમાં એક મોકડ્રિલ દરમ્યાન જેમાં જીવતુ કારતુસ હતુ એવી રીવોલ્વરથી ફાયર કરીને એમના પેટમાં ગોળી ઠલવી દીધી હતી અને એમનું આઈ.પી.એસ.નું પદ અને નોકરી બન્ને જોખમમાં હતા એવી તેમની સામે તપાસ ચાલતી હતી પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે એમની નોકરી બચાવી લીધી અને એટલે બાકીની નોકરી ભારતીય જનતા પાર્ટીના આર્શિવાદ અને અહેસાન તળે કરેલી છે અને જે અધિકારી ભારતીય જનતા પાર્ટીના અહેસાન તળે નોકરી કરી હોય એ અધિકારી ભારતીય જનતા પાર્ટીના ચહિતા અધિકારીઓ અને નેતાઓની સામે કોઈ સજડ તપાસ કરે તેવુ માનવાને કોઈ કારણ નથી. આ સુભાષ ત્રિવેદી સામે નામદાર ગુજરાત હાઈકોર્ટના જજ અનંત દવેએ જામનગરના એક વ્યક્તિને કસ્ટોડીયલ ટોર્ચર કરવાના પ્રકરણમાં એવી કોમેન્ટ કરેલી કે તમારી સામે સી.બી.આઈ. ઈન્વેસ્ટીગેશનનો ઓર્ડર કેમ ન કરવો ? આ સુભાષ ત્રિવેદી એ લઠ્ઠાકાંડની તપાસમાં પણ એસ.આઈ.ટી.ના વડા હતા, લઠ્ઠાકાંડમાં પણ તમે જોયું કે કોઈ એસ.પી. કે આઈ.જી. કક્ષાના અધિકારીની સામે ગુનો દાખલ કર્યો કે જે ભારતીય જનતા પાર્ટીના નેતા ઉપર પોલીસ પાસેથી હપ્તા લેતા હોય છે !
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજકોટ અગ્નિકાંડના મોટા માથાઓથી હજી પણ તંત્ર દૂર છે એક સામાન્ય ટાયર પંચરની દુકાન ચલાવનાર વ્યક્તિને મુખ્ય આરોપી બનાવી દેવામાં આવેલો છે પરંતુ તેની પાછળ કયા નેતા અને કયા અધિકારીના રૂપિયા રોકાયેલા છે તેની કંઈ પણ તપાસ કરવામાં આવતી નથી. એસઆઈટીને પૂછવામાં આવે ત્યારે માત્ર તપાસ ચાલુ છે તેમ કહીને કોઈપણ પ્રકારની માહિતી પત્રકારોને આપવામાં આવતી નથી. દૂર વિદેશ કુવેતમાં બનેલી અગ્નિકાંડની ઘટનામાં વડાપ્રધાન શ્રી દુઃખ વ્યક્ત કરીને બે લાખની સહાય જાહેર કરે છે, પરંતુ તેમના પોતિકા ગુજરાતમાં આ દુઃખ ભરી ઘટનાના પીડિતોને પરિવારને માત્ર ચાર લાખ રૂપિયા આપવા એ ક્યાંનો ન્યાય?
લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે, રાજકોટની ઘટના સમયે ગેમ ઝોનમાં ૧૫૦ જેટલા લોકો હાજર હતા અને તેમાં ૧૫ થી ૨૦ નેપાળી લોકો પણ હાજર હતા સરકાર દ્વારા જે મૃત્યુ આંક બતાવવામાં આવેલ છે તે પણ શંકાસ્પદ હોઈ શકે છે. આ સીટના જે અધ્યક્ષ છે તે જ અધિકારી ભૂતકાળની ઘણી જ એસઆઈટીના અધ્યક્ષ છે અને તે કોઈપણ એસઆઈટીના રિપોર્ટમાં કોઈપણ મોટા માથાને આરોપી બનાવવામાં નથી આવ્યા તે જગ જાહેર છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમગ્ર ગુજરાતના ભાજપના ધારાસભ્યશ્રીઓ,રાજકોટના મેયર કે પછી રાજકોટના નવા ચૂંટાયેલા સાંસદ માંથી કોઈ પણ પીડિત પરિવારોના ઘેર આશ્વાસનના શબ્દો કહેવા માટે પણ ગયા નથી. આજ સુધીના આવા દરેક અગ્નિકાંડના કે કોઈપણ બેદરકારી ભર્યા કાંડના આરોપીઓમાના મોટાભાગના જામીન પર છૂટેલા છે તે સરકારની ગુનાહિત બેદરકારીનું જીવંત ઉદાહરણ છે. રાજકોટ અગ્નિકાંડ મુદ્દે કોંગ્રેસ પિડીત પરિવારો સાથે છે અને ન્યાય અપાવવા સુપ્રિમકોર્ટ સુધી લડવા મક્કકમ અને કટિબદ્ધ છે.શ્રી જીગ્નેશભાઈ મેવાણી અને લાલજીભાઈ દેસાઈએ સંયુક્ત પ્રેસ વાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વતી સરકારને માંગણી કરી હતી કે, રાજકોટ મુદ્દે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવે, મૃતકોના પરિવારને એક કરોડ રૂપિયા માનવીય આધારે સહાય ચુકવવામાં આવે.

# અમદાવાદ શહેરમાં છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ ૫૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો



રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઇ રહી છે. આમ, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઇ રહી છે તેના પરિણામે એવું ફળ મળ્યું છે કે સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમનાં બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે.

અમદાવાદ શહેરના છેલ્લાં ૧૦ વર્ષના આંકડા જોઈએ તો, કુલ ૫૫,૬૦૩ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી પ્રાથમિક શાળામાં એડમિશન લીધું છે. જેમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં કુલ ૪૩૯૭ વિદ્યાર્થીઓ, ૨૦૧૫-૨૦૧૬માં ૫૪૮૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૬-૨૦૧૭માં ૫૦૦૫ વિદ્યાર્થીઓ, ૨૦૧૭-૨૦૧૮માં ૫૨૧૯ વિદ્યાર્થીઓ, ૨૦૧૮-૨૦૧૯માં ૫૭૯૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૯-૨૦૨૦માં ૫૨૭૨ વિદ્યાર્થીઓ, ૨૦૨૦-૨૦૨૧માં ૩૩૩૪ વિદ્યાર્થીઓ, ૨૦૨૧-૨૦૨૨માં ૬૨૮૯ વિદ્યાર્થીઓ, ૨૦૨૨-૨૦૨૩માં ૯૫૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૨૦૨૩-૨૦૨૪માં ૫૩૧૫ જેટલા વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

આ અંગે વાત કરતા અમદાવાદ શાસનાધિકારી ડૉ. એલ.ડી. દેસાઈ કહ્યું કે, 'રાજ્ય સરકારની શિક્ષણલક્ષી યોજનાઓ જેમકે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી પુરસ્કૃત સ્કોલરશીપ યોજનાઓ, રાજ્ય સરકાર દ્વારા ભરતી કરવામાં આવતા ઉચ્ચ લાયકાત ધરાવતા તાલીમબદ્ધ શિક્ષકો, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગતની શાળાઓ, સ્માર્ટ શાળા, અદ્યતન કમ્પ્યૂટર લેબ, સાયન્સ લેબ, સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત પ્રોગ્રામ તેમજ માળખાકીય સુવિધામાં વધારો આ બધા પરિબળોને કારણે વાલીઓને દ્રઢ વિશ્વાસ થયો છે કે તેમના બાળકને ખાનગી શાળાઓ કરતાં પણ અનેકગણું ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહ્યું છે. એટલું જ નહી, કોર્પોરેશનની સરકારી શાળાઓમાં તેમનાં બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય પણ તેઓ જોઈ રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકારી નીતિઓને કારણે પણ વાલીઓ સરકારી સ્કૂલ્સ તરફ વિચારતા થયા છે. રાજ્ય સરકારની શિક્ષણ વિષયક યોજનાઓ તેમજ બાળકોને મળતા લાભો વિશે વાલીઓને જાગૃત કરવામાં આવે છે. આ બધા પરિણામોને કારણે વાલીઓ સરકારી સ્કૂલમાં પણ ખાનગી સ્કૂલ કરતા શ્રેષ્ઠ શિક્ષણ મળે છે તે જાણ્યા, અનુભવ્યા અને મુલાકાત લીધા બાદ તેમનાં બાળકોને પ્રાઈવેટ સ્કૂલમાંથી ઉઠાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવે છે. એટલું જ નહી, નવા શૈક્ષણિક સત્ર માટે પણ શિક્ષકોને એડમિશન માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ શિક્ષકો દરેક વિસ્તારમાં જઈ વાલીઓને મળી સરકારી સ્કૂલ્સમાં એડમિશન લેવાના ફાયદા અંગે જણાવી રહ્યા છે. આ વર્ષે ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી એડમિશન પ્રોસેસ ચાલું રહેવાને કારણે આ વર્ષના આંકડામાં હજુ પણ વધારો થઈ શકે એમ છે.

જયારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેન શ્રી ડૉ.સુજય મહેતાએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે બે દાયકા અગાઉ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની કમાન સંભાળી ત્યારથી રાજયમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસી હતી. કોઇ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવની વિચારધારા અત્યંત ઉપયોગી પુરવાર થઇ છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓની એકેડમિક સ્ટ્રેન્થ વધવી, માળખાકીય સુવિધાઓમાં વધારો થવો, રેસિડેન્શિયલ સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ, આધુનિક પ્રયોગશાળાઓ, વિદ્યાર્થીઓને સ્કિલ ડેવલોપમેન્ટ અંગેના અભ્યાસક્રમો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટીને સક્રિય બનાવાથી પણ ઘણો ફાયદો થયો છે. આ સિવાય સરકારી શાળાઓમાં રમતગમતના મેદાન, હાઈટેક ટિચિંગ ક્લાસ, સ્વચ્છતા તથા ક્વોલિફાઈડ શિક્ષકો હોવાથી ખાનગી સ્કૂલ્સ સામે સ્પર્ધા શરૂ થઈ છે.તેમણે ઉમેર્યું કે, સેલ્ફ ફાઈનાન્સમાંથી સરકારી શાળામાં આવવાનું મુખ્ય કારણ એ પણ છે કે, સરકારી શાળાઓમાં મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ સમયની સાથે કદમથી કદમ મિલાવીને ટેક્નોલોજીયુક્ત શિક્ષણ, સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણવિદ્ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ બધી ખાસિયતોને કારણે સ્વાભાવિક છે કે સરકારી શાળાઓમાં ખાનગી શાળા કરતાં સારી સુવિધાઓ મળતી હોવાથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ સરકારી શાળા તરફ આકર્ષાયા છે અને એડમિશન પણ વધ્યા છે.

**★આલેખન : ગોપાલ મહેતા, પ્રાદેશિક માહિતી કચેરી - અમદાવાદ★**

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૫૬મું અંગદાન

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરી એક વખત ગુપ્ત દાન થકી અંગદાન કરાયું છે.સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ ૧૫૬ માં અંગદાનની વાત કરીએ તો મજુરી કામ કરતા ૪૧ વર્ષીય પુરુષ ને તારીખ ૧૧/૦૬/૨૦૨૪ના રોજ અકસ્માત થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ લાવવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તા. ૧૨-૦૬-૨૦૨૪ ના રોજ તબીબોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા.

સિવિલ હોસ્પિટલ ના તબીબોની ટીમે યુવકના પરીવારજનોને તેમના બ્રેઈન ડેડ હોવાની જાણ કરીને અંગદાન વિશે સમજાવતા તેઓએ અંગોનું ગુપ્તદાન કરવાનો નિર્ણય કર્યો. આ ગુપ્ત અંગદાન થકી બે કીડની, એક લીવર તેમજ હદયનું દાન મળ્યુ.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે , આ ગુપ્ત અંગદાનથી મળેલ કીડની તેમજ લીવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલના જરુરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે .

તેમજ હ્રાદનું દાન સિવિલ મેડીસીટી કેમ્પસ ખાતે આવેલ યુ.એન.મહેતા હોસ્પિટલમાં જરુરીયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરી કુલ ચાર લોકોની જીંદગી બચાવી શકીશુ.સિવિલ હોસ્પિટલ ખાતે આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૫૬ અંગદાતાઓ થકી કુલ ૫૦૫ અંગો તેમજ ચાર સ્કીન નું દાન મળેલ છે. જેના થકી ૪૮૯ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે.

## ડાંગ જિલ્લાના અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીની ભારતીય સનદી સેવામાં પસંદગી

ન્યૂઝ ઓફ ગાંધીનગર, ડાંગ

ડાંગ જિલ્લાના અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી સહિત અન્ય ૪ ગુજરાત વહીવટી સેવાના ઉચ્ચ અધિકારીઓની ભારતીય વહીવટી સેવામાં પસંદગી કરવામાં આવી છે.ભારતીય વહીવટી સેવાના ૧૯૫૪ના ભરતીના નિયમો મુજબ ખાલી પડેલ જગ્યાઓમાં ગુજરાત સરકારનાં કુલ ૫ જેમાં (૧) શ્રી બી.જે.પટેલ, (૨) શ્રીમતી કુમુદબેન યાજ્ઞિક, (૩) શ્રી એ.બી.પાંડોર, (૪) શ્રી બી.બી.ચૌધરી ગુજરાત કેડરનાં સનદી અધિકારી તરીકે માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં હાલ ડાંગ જિલ્લામાં અધિક નિવાસી કલેક્ટર તરીકે ફરજ બજાવી રહેલાં શ્રી બી.બી.ચૌધરીની પણ પસંદગી થતાં, જિલ્લા વહીવટી તંત્રનાં વડા એવા કલેકટર શ્રી મહેશ પટેલ સહિતનાં અધિકારીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.



**ત્રણ થી ચાર વાર આવેદનપત્ર આપેલ પણ ડાંગ DEO સાહેબ વાંચી શક્યા નહિ**

## ડાંગ જિલ્લા આહવા તાલુકાના પીંપરી ગામે સરકારી સ્કૂલ ને ગામ લોકો દ્વારા તાળાબંધી કરવા મજબુર કેમ..?



ન્યૂઝ ઓફ ગાંધીનગર, ડાંગ

D E O આવ્યાના જેટલા માસ થયા હોય પરંતુ પીપરી સ્કૂલ મા કોઈ વિઝીટ લેવામાં આવી નથી સા કારણે લેવામાં આવી નથી એ પણ એક તપાસ નો વિષય છે આ સ્કૂલ રોડ ટચ હોવા છતાં કદાચ આહવા થઈ ને તેઓ પોતાના ગામ ગયા નહિ હોય એવું પણ બની શકે ખરું ને...?ડાંગ માં હ્રુઈ આવ્યા પછી ગાંધીનગરમાં કોઈ મિટિંગ લેવામાં આવી નહિ હોયલોકો દ્વારા તેઓને ત્રણ થી ચાર વાર આવેદનપત્ર આપેલ છે પરંતુ તેઓ વાંચી શક્યા નહી હોયક્યાં તો હ્રુઈ નજર અંદાજ કરી રહ્યા હોય એવું લાગી રહ્યું છે.

## ગાંધીનગરમાં કોલેરાના કેસને પહોંચી વળવા માટે મહાનગર પાલિકાની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી



ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા તારીખ:૧૨/ ૬/ ૨૦૨૪ ના રોજ સેક્ટર-૧૪,ગોકુળપુરા છાપરા વિસ્તારમાં ઝાળા ઉલટીના કેસોની માહિતી મળતા મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, એપીડેમીક મેડિકલ ઓફિસરશ્રી, સેક્ટર-૨૯ મેડિકલ ઓફિસર તથા સ્ટાફ દ્વારા સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવેલ કુલ-૧૦ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલુ કરતાં આજ દિન સુધી કુલ-૨૫ જેટલા ઝાડા ઉલટીના કેસો મળેલ વધુમાં છ દર્દીઓને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે મોકલેલ તથા અન્ય દર્દીઓને સ્થળ પર સારવાર આપવામાં આવેલ. કુલ ૧૦ ટીમો દ્વારા ૩૯૦ ઘરોનો સર્વે કરવામાં આવેલ જેમાં ૨૧૯૦ જેટલી વસ્તીને આવરી લેવામાં આવેલ ૯૦૦ જેટલી ક્લોરિનની ટેબલેટ તથા ૫૦૦ ઓ.આર.એસ પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે તારીખ ૧૩-૬-૨૦૨૪ના રોજ સિવિલ હોસ્પિટલ દાખલ થયેલ દર્દી માંથી ત્રણ દર્દીઓનો રિપોર્ટ કોલેરા પોઝિટિવ આવેલ. હાલમાં દાખલ તમામ દર્દીઓની સ્થિતિ સારી છે. સદર સમાચાર જાણીને માન્ય. મ્યુન્સીપલ કમિશનરશ્રી, ડેપ્યુટી કમિશનરશ્રી સાથે સ્થળ મુલાકાત કરવામાં આવેલ તથા જરૂરી સૂચનાઓ આપી જેવી કે પાણીનો સપ્લાય ટેન્કર દ્વારા આપવામાં આવે, ભરવાડવાસ કે જ્યાં કોલેરાના કેસ મળેલ ત્યાં ટેન્કર તેમજ ફિલ્ટર વોટરના જગ દ્વારા પાણી પૂરું પાડવું, પાણીમાં ક્લોરિન કરાવવું, ગટર લાઈનની સાફ-સફાઈ કરાવી તેમજ કોઈ લીકેજ મળે તો તાત્કાલિક રીપેર કરવા માટે જણાવ્યું. આ ઉપરાંત સ્થળ ઉપર આગણવાડી ખાતે ઓ.પી.ડી ચાલુ કરવામાં આવેલ તથા સર્વે દરમિયાન મળેલી કેશોને સ્થળ પર સારવાર આપવામાં આવેલ તથા હાલમાં પણ ૨૪/૭ ઓપીડી ચાલુ રાખવામાં આવેલ છે.



**પ્રદેશ ભાજપ તથા જિલ્લા ભાજપની સુચના અનુસાર જેતપુર જામકંડોણા વિધાનસભાની સીટ ખાતે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું જેમાં નુકસાન થયેલા બુથ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી આ સમીક્ષા બેઠક ના અધ્યક્ષ શ્રી જયેશભાઈ રાદડિયા બેઠકના ઈન્ચાર્જ જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ ત્રિવેદી તેમજ ગોપાલ ડેરીના ચેરમેન ગોવિંદભાઈ ધામેલીયા રાજકોટ જિલ્લા અગ્રણી ગોવિંદભાઈ રાણપરીયા જિલ્લા ઉપપ્રમુખ બિંદિયાબેન મકવાણા જિલ્લા મોરચા પ્રમુખ લાલજીભાઈ આહુ જેતપુર તથા જામકંડોરણા શહેર ભાજપ પ્રમુખ શ્રી મહામંત્રી જિલ્લા પંચાયતના સદસ્યો સિનિયર કાર્યકર્તાઓ સહિત હાજર રહ્યા હતા**

## આનંદ મેળા માટેના સૂચિત નિયમો જાહેર:રાજ્યમાં ગેમિંગ-એમ્યુઝમેન્ટ પાર્કના બાંધકામમાં અંદર-બહાર ફાયર પ્રતિરોધક મટીરિયલ્સ ફરજિયાત

રાજ્ય સરકાર દ્વારા એમ્યુઝમેન્ટ પાર્ક-ગેમિંગ ઝોન અને નાના પાર્ક એટલે કે આનંદ મેળા માટેના સૂચિત નિયમો જાહેર કર્યા છે,જે ગુજરાત સરકારના ગૃહ વિભાગની વેબસાઈટ પર પ્રાપ્ત છે. સરકારે ૬૨ પેજના નિયમોમાં ગેમિંગ,એમ્યુઝમેન્ટ પાર્કના સંચાલન માટે ક્વોલિફાઈડ વ્યકિત રાખવાની વાત કરી છે,પણ ક્વોલીફાઈડ કોને ગણવો? તેની ડિગ્રી શું તેની કોઇ સ્પષ્ટતા કરી નથી. જો કે,હજુ નિયમોને અંતિમ સ્વરૂપ અપાયું નથી,પણ તેમાં એક બાબત સ્પષ્ટ સૂચવી છે કે,ગેમિંગ-એમ્યુઝમેન્ટ પાર્ક અને આનંદ મેળાના બાંધકામ અને ફલોરીગ સહિતની બાબતમાં ફાયર પ્રતિરોધક મટીરિયલ્સ વાપરવાનું રહેશે. દરમિયાનમાં સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે,રાજકોટની ટીઆરપી ગેમિંગ ઝોનનો અહેવાલ ૨૦મી જૂન સુધીમાં આવશે,જેમાં જે દોષિત ઠરશે પછી તે આઈએએસ હોય કે આઈપીએસ તેની સામે પણ પગલાં ભરાશે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયમોમાં ગેમિંગ ઝોન-એમ્યુઝમેન્ટ પાર્કને જેટલી વ્યકિતની મંજૂરી હશે તેટલાને જ પ્રવેશ આપવાનો રહેશે.

ઉપરાંત બી.યુ.,ફાયર,સ્ટ્રકચર, સ્ટેબિલિટી, આરોગ્ય, સેનિટેશન, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશનના લાઈસન્સ લેવા પડશે. આ પછી સીટી રાઈડ સેફટી કમિટી અને ઈન્સ્પેકશન કમિટીની મંજૂરી લઈને પોલીસ કમિશનર કે કલેકટરની મંજૂરી લેવી પડશે. ઝોનમાં ફાયર સિસ્ટમ કે સ્પ્રીન્કલર સિસ્ટમ કાર્યરત અવસ્થામાં હોવી જોઈએ. ઉપરાંત સેન્ટ્રલ ફાયર એલાર્મ સીસ્ટમ હોવી જોઈએ. ગેમઝોન-એમ્યુઝમેન્ટ પાર્કમાં દરેક સ્થળ પર સંકટ સમયે માઈકથી જાહેર કરી શકાય તેવી દરેક સ્થળે કોમ્યુનિકેશન સિસ્ટમ હોવી જોઈએ. પાર્કિંગથી લઈને ગેમઝોનમાં દરેક સ્થળે સીસીટીવી કેમેરા હોવા જોઈએ અ?ને તેનું ૩૦ દિવસનું રેર્કોડિંગ રાખવું ફરજિયાત છે.

સ્થળ પર પેટ્રોલિયમના નિયમ પ્રમાણે પેટ્રોલ-ડીઝલનો જથ્થો રાખી શકાશે,પણ તે સ્થળથી ૩૦ ફૂટ દૂર હોવો જોઈએ. ઝોનમાં અલગ અલગ એન્ટ્રન્સ અને એકઝીટ ડોર હોવા જોઈએ,ઉપરાંત એકઝીટ ડોર ૨૦૦ વ્યકિત નીકળી શકે તેવા દરેક ફલોર પર હોવા જોઈએ. ઓછામાં ઓછો એકઝીટ ડોર દરેક દિશામાં હોવો જોઈએ. ઉપરાંત ઈમર્જન્સી ડોર ઓછામાં ઓછા દરેક ફલોર પર બે હોવા જોઈએ. દરેક ફલોર પર ફાયર પ્રતિરોધક મટીરિયલ્સથી બનેલી ૨ મીટર પહોળી એન્ટ્રી અને એકઝીટ લખેલી હોવી જોઈએ. કોઈપણ સંજોગોમાં ઝોનની અંદર રેસ્ટોરન્ટ કે કુકિંગ કરી શકાશે નહી, કરવું હોય તો તે ઝોનના એન્ટ્રન્સથી ૩૦ મીટર દૂર હોવું જોઈએ. નેશનલ બિલ્ડિંગ કોડમાં દર્શાવ્યા પ્રમાણેના ઈલેક્ટ્રીક સુવિધા હોવી જોઈએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.